ગુજરાત જાહેર સેવા આયોગ

અગત્યની જાહેરાત

આયોગ દ્વારા આપવામાં આવેલ નીચે મુજબની જાહેરાતોની પ્રાથમિક કસોટી / સ્પર્ધાત્મક કસોટી માહે ડિસેમ્બર-૨૦૧૮ દરમિયાન ગાંધીનગર/ અમદાવાદના (જા.ક્ર.૫૫/૨૦૧૮-૧૯ ગુજરાત રાજ્યના ૩૨ જિલ્લામાં અને જા.ક્ર.૭૫/૨૦૧૮-૧૯ ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત એમ કુલ ૦૫ જિલ્લામાં) વિવિધ પેટા કેન્દ્રો ખાતે યોજાનાર છે. આ જગ્યાઓની પ્રાથમિક કસોટી/સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

| ક્રમ (૧) | જગ્યાનું નામ (૨) | જાહેરાત ક્રમાંક (3) | પ્રાથમિકકસોટીની તારીખ અને સમય (૪) | પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની તારીખ (૫) |
|---|---|---|---|---|
| ૦૧ | નાયબ સેક્શન અધિકારી / નાયબ મામલતદાર, વર્ગ-3 | ૫૫/૨૦૧૮-૧૯ | ૧૬-૧૨-૨૦૧૮ સાંજે ૦૩:૦૦ થી ૦૫:૦૦ | ૦૪-૧૨-૨૦૧૮ |
| ૦૨ | મુખ્ય અધિકારી, વર્ગ-૩, ગુજરાત રાજ્ય નગરપાલિકાના મુખ્ય અધિકારી સેવા | ૭૫/૨૦૧૮-૧૯ | ૨૨-૧૨-૨૦૧૮ સાંજે ૦૩:૦૦ થી ૦૪:૧૫ | ૧૦-૧૨-૨૦૧૮ |
| ૦૩ | કાર્યપાલક ઇજનેર (યાંત્રિક), વર્ગ-૧ | ૪૨/૨૦૧૮-૧૯ | ૨૩-૧૨-૨૦૧૮ ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૦-૧૨-૨૦૧૮ |
| ૦૪ | નાયબ નિયામક, વર્ગ-૧, ગુજરાત આંકડાકીય સેવા | ૫૦/૨૦૧૮-૧૯ | | |
| ૦૫ | નાયબ નિયામક, કા.રા.વિ.યો., વર્ગ-૧ | ૭૧/૨૦૧૮-૧૯ | | |
| ૦૬ | મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨ | ૩૮/૨૦૧૮-૧૯ | ૩૦-૧૨-૨૦૧૮ ૧૧:૦૦ થી ૦૨:૦૦ | ૧૭-૧૨-૨૦૧૮ |
| ૦૭ | ભૂસ્તરશાસ્ત્રી, વર્ગ-૧ | ૭૬/૨૦૧૮-૧૯ | | |
| ૦૮ | સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી / સહાયક વાહન વ્યવહાર નિયામક, વર્ગ-૨ | ૭૪/૨૦૧૮-૧૯ | | |
| ૦૯ | ડેન્ટલ સર્જન, કા.રા.વિ.યો., વર્ગ-૨ | ૭૦/૨૦૧૮-૧૯ | | |

જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ છે તેવા તમામ ઉમેદવારોને આ કસોટીમાં કામચલાઉ ધોરણે ઉપસ્થિત થવા દેવાનો આયોગે નિર્ણય કરેલ છે. ઉપર્યુક્ત જાહેરાતોના સંબંધિત ઉમેદવારોએ કોલમ ૫ માં દર્શાવેલ તારીખે બપોરના ૦૧-૦૦ કલાક થી પરીક્ષાના દિવસે પરીક્ષા શરૂ થવા અગાઉના બે કલાક સુધીમાં પોતાના પ્રવેશપત્ર, હાજરીપત્ર (જા.ક્ર.૫૫/૨૦૧૮-૧૯ અને જા.ક્ર.૭૫/૨૦૧૮-૧૯ સિવાય) તથા ઉમેદવારોની સુચનાઓ (પરિશિષ્ટ-૧ અને ૨) **"Online"** ડાઉનલોડ કરવાના રહેશે. પ્રવેશપત્ર **"Online"** ડાઉનલોડ કરવા માટે ઉમેદવારોએ નીચે મુજબ તબક્કાવાર/સ્ટેપવાઈઝ કાર્યવાહી કરવાની રહે છે. (૧) **https://gpsc-ojas.gujarat.gov.in/** પર જવું. (૨) **"Print Call Letter"** પર **"Click"** કરવું. (૩) અહીં ઉમેદવારે પોતાની **"Job Select"** કરવી તથા **"Confirmation Number"** અને **"Birth Date"** ટાઈપ કરવાના રહેશે. (૪) હવે **"Print Call Letter"** પર **"Click"** કરી પ્રવેશપત્રની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. હાજરીપત્રકમાં નોંધની અંદર પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ પર **"Click"** કરવાથી ઉમેદવારની સુચનાઓ પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ની પ્રિન્ટ નીકળશે. આ તમામ દસ્તાવેજોની પ્રિન્ટ અચુક કાઢવામાં આવે તેની નોંધ લેવી. પ્રવેશપત્ર અને હાજરીપત્રક અલગ અલગ કાગળ પર પ્રિન્ટ કરવાના રહેશે. પરીક્ષા સમયે બંને (જા.ક્ર.૫૫/૨૦૧૮-૧૯ અને જા.ક્ર.૭૫/૨૦૧૮-૧૯ માટે ફક્ત પ્રવેશપત્ર જ) સાથે લાવવાના રહેશે. ફોટાવાળું હાજરીપત્રક પરીક્ષા ખંડમાં પરત સોંપવાનું રહેશે. જે ઉમેદવારોના ફોટા હાજરીપત્રકમાં સ્પષ્ટ જોઈ શકાય તેવા આવેલા ન હોય તેવા ઉમેદવારોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો તાજેતરનો ફોટો પરીક્ષા કેન્દ્ર પર લાવવાનો રહેશે. આ ફોટો ઉમેદવારનો પોતાનો છે તેની સ્પષ્ટતા માટે ફોટાવાળું ઓળખપત્ર સાથે રાખવું આવશ્યક છે.

<u>ખાસ સૂચના:-</u> ઉમેદવારોને ખાસ સુચના આપવામાં આવે છે કે, તેઓએ પરીક્ષાકેન્દ્ર ખાતે મોબાઇલ કે અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણ લાવી શકશે નહી અને જો તેઓ આવા કોઇપણ ઉપકરણ સાથે પકડાશે તો તેઓને ગેરલાયક ઠરાવવામાં આવશે ઉપરાંત તેઓ સામે ફોજદારી કાર્યવાહી પણ કરવામાં આવશે જેની તમામ સંબંધિતોએ નોંધ લેવી.

<u>ખાસ નોંધ:-</u> (૧)પોસ્ટ ઓફિસમાં અરજી ફી ભરેલ નથી તેવા બિન અનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રથમ આયોગ ભવન (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર **"Application Not Found"** નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

(૨) ક્રમ-૧ પરની નાયબ સેક્શન અધિકારી / નાયબ મામલતદાર, વર્ગ-૩, જા.ક્ર.૫૫/૨૦૧૮-૧૯ અને ક્રમ-૨ પરની મુખ્ય અધિકારી, વર્ગ-૩, ગુજરાત રાજ્ય નગરપાલિકાના મુખ્ય અધિકારી સેવા, જા.ક્ર.૭૫/૨૦૧૮-૧૯ માટે સંબંધિત ઉમેદવારોએ ફક્ત પ્રવેશપત્ર અને ઉમેદવારોની સૂચનાઓ (પરિશિષ્ટ - ૧ અને ૨) જ ડાઉનલોડ કરવાના રહેશે. આ જાહેરાતો માટે ફોટાવાળુ હાજરીપત્રક ડાઉનલોડ કરવાનું થતુ નથી.

તા.૦૫-૧૨-૨૦૧૮